પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૨૮ | અંક : ૧૬૦ | કુલ પાના : ૪ | તારીખ : ૨૮-૦૨-૨૦૨૫ શુક્રવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભવ્ય ઉત્તર પ્રદેશ મહાકુંભના આયોજન બદલ સૌને અભિનંદન, ૬૬.૩૦ કરોડ ભક્તો આવ્યા: સીએમ યોગી

### મુખ્યમંત્રીએ યુપીના સફાઇ કર્મચારીઓને ૧૦ હજારનું વધારાનું બોનસ ઉપરાંત ન્યુનતમ ૧૬૦૦૦ પ્રતિ મહીને પગાર આપવાની જાહેરાત કરી

પ્રયાગરાજ

યુપીના સીએમ યોગી આદિત્યનાથ ૪૫ દિવસના મહાકુંભના સમાપન પર પ્રયાગરાજ પહોંચ્યા હતાં. શ્રદ્ધા પ્રગટ થયા પછી, તેમણે સફાઈ અભિયાનનું નેતૃત્વ કર્યું. સીએમ યોગીએ સંગમ ઘાટની સફાઈ કરી. તેમની સાથે બંને નાયબ મુખ્યમંત્રી પણ હાજર હતા. રાજ્યના ઘણા વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ આ સમયે પ્રયાગરાજમાં હાજર રહ્યાં હતાં અને શ્રમદાન કર્યું હતું. પાણીમાં છોડવામાં આવેલા વસ્ત્રોને નિકાળી મહાકુંભ ઉપરાંત સમગ્ર મેળા વિસ્તારની સ્વચ્છતા માટે અભિયાનની શરૂઆત કરી.સફાઈ કાર્યબાદ મુખ્યમત્રી પોતાની મંત્રીમંડળના સાથીઓ સાથે ફલોટિંગ



જેટી દ્વારા સંગમ માટે રવાના થયા આ દરમિયાન તેમણે જેટીથી સાઈબેરિયન પક્ષીઓને દાણા ખવડાવ્યા હતાં સંગમ પહોંચી યોગીએ મા ગંગા,મા યમુના અને અદ્રશ્ય રીતે હાજર મા સરસ્વતીની વિધિવત પુજન કર્યું મુખ્યમંત્રીએ મહાકુંભને એતિહાસીક દિવ્ય ભવ્ય સ્વચ્છ સુરક્ષિત અને ડિજીટલ બનાવવામાં યોગદાન આપનારા કર્મચારીઓ અને સંસ્થાઓની મુલાકાત કરી હતી અને તેમને સન્માનિત કર્યા હતાં.

સીએમ યોગીએ સમગ્ર ઘાટનું નિરીક્ષણ કર્યું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક, કેપી મૌર્ય અને અન્ય કેબિનેટ મંત્રીઓએ પ્રયાગરાજના અરૈલ ઘાટ પર ગંગાની પૂજા કરી.

આ પ્રસંગે પોતાના સંબોધનમાં સીએમ યોગીએ મહાકુંભના આયોજનમાં સામેલ કર્મચારીઓ અને અધિકારીઓનો આભાર માન્યો. યોગી આદિત્યનાથે કહ્યું કે જો ટીમ ભાવનાથી કામ કરવામાં આવે તો તેના પરિણામો પણ સારા મળે છે. તેમણે પ્રયાગરાજ મેળા ઓથોરિટી અને કર્મચારીઓ અને અધિકારીઓનો આભાર માન્યો. તેમણે આ કાર્યક્રમમાં સામેલ તમામ લોકોને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.મુખ્યમંત્રીએ મહાકુંભમાં લાગેલા યુપીના સફાઇ કર્મચારીઓને ૧૦ હજારનું વધારાનું બોનસ ઉપરાંત ન્યુનતમ ૧૬૦૦૦ પ્રતિ મહીને પહાર આપવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે મહાકુંભમાં ૬૬.૩૦ કરોડ લોકોએ ભાગ લીધો હતો. મહાકુંભમાં ૬૬.૩૦ કરોડથી વધુ શ્રધ્ધાળુઓ આવ્યા હતાં, અમેરિકાની વસ્તીથી બે ગણા લોકો પહોંચ્યા હતાં.૧૯૩ દેશોની વસ્તીથી વધુ મહાકુંભમાં આવ્યા,૧૨૦ કરોડ હિન્દુઓમાંથી ૬૦ કરોડથી વધુ લોકોએ ડુબકી લગાવી ૪ હજાર હેકટરમાં મહાકુંભ મેળાનું આયોજન કરવામાં આવ્યું ૪ લાખ હેકટરથી વધુ ટેટ તંબુ ૧.૫ લાખ ટોયલેટ બનાવવામાં આવ્યા હતાં.૫૦ લાખથી વધુ વિદેશી ભકત આવ્યા હતાં.

મહાકુંભ તેની સ્વચ્છતા માટે પણ સમાચારમાં હતો, જેમાં સફાઈ કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મહાકુંભ મેળામાં સ્વચ્છતા વિભાગના પ્રભારી ડૉ. આનંદ સિંહે જણાવ્યું હતું કે મેળા દરમ્યાન ૧૫,૦૦૦ સફાઈ કર્મચારીઓ ચોવીસ કલાક ફરજ બજાવતા હતા. તેમણે ઘણી શિફ્ટમાં સફાઈની જવાબદારીઓ ખૂબ જ સારી રીતે નિભાવી અને મેળામાં શૌચાલય અને ઘાટ સંપૂર્ણપણે સ્વચ્છ રાખ્યા. બધાએ તેના કામની પ્રશંસા કરી. મહાકુંભ મેળામાં મૌની અમાવસ્યા પર થયેલી નાસભાગથી તેની છબી થોડી ખરડાઈ, પરંતુ આ ઘટનાની ભક્તોની શ્રદ્ધા પર ખાસ અસર પડી નહીં અને લોકોનું આગમન અવિરત ચાલુ રહ્યું. ભાગદોડમાં ૩૦ લોકોના મોત થયા હતા.કુલ ૭૦ હજારથી વધુ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને મોટી વાત એ છે કે મહાકુંભના સમાપન પ્રસંગે, ભક્તોએ સુરક્ષા માટે તૈનાત પોલીસકર્મીઓની પ્રશંસા કરી. આ વખતે મહાકુંભમાં, માત્ર ભક્તોની સંખ્યાનો રેકોર્ડ જ નહીં, પરંતુ સ્વચ્છતાનો વિશ્વ રેકોર્ડ પણ બન્યો. મહાકુંભ મેળા વિસ્તારના ૪ ઝોનમાં એક સાથે સફાઈ અને ઝાડુ લગાવીને ૧૯ હજાર સફાઈ કર્મચારીઓએ એક નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. સફાઈ કર્મચારીઓની આ પહેલને વિશ્વ રેકોર્ડમાં નોંધવા માટે ગિનિસ બુકની ટીમ પણ હાજર રહી હતી. ૨૦૧૯ના કુંભ મેળામાં ૧૦,૦૦૦ સફાઈ કર્મચારીઓએ એકસાથે ઝાડુ મારીને રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ આ વખતે આ સંખ્યા ૧૯,૦૦૦ હતી.અહીં મહાકુંભમાં ફકત શ્રધ્ધાળુઓની સંખ્યાનો રેકોર્ડ બન્યો છે એવું નથી સ્વચ્છતાનો પણ વિશ્વ રેકોર્ડ બનાવવામા આવ્યો છે. મહાકુંભ વિસ્તારમાં ૪ જોનમાં એક સાથે ૧૯ હજાર સફાઈ કર્મચારીઓએ સફાઇ કરવા,ઝાડુ લગાવવાની એક નવું ઉદાહરણ રજુ કર્યું સફાઈ કર્મચારીઓની આ પહેલાને વિશ્વ રેકોર્ડમાં નોધવા માટે ગિનીજ બુકની ટીમ પણ પહોંચી હતી. ૨૦૧૯ના કુંભ મેળામાં ૧૦,૦૦૦ સફાઈ કર્મચારીઓએ એકસાથે ઝાડુ મારીને રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ આ વખતે આ સંખ્યા ૧૯,૦૦૦ હતી.

## ગુજરાતમાં વધતી ગરમી, દરિયાકાંઠે ભેજનું પ્રમાણ વધ્યું, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા

અમદાવાદ

ગુજરાતમાં આ સમયે ગરમી વધી રહી છે અને ઠંડી ઓછી થઈ રહી છે. આ સાથે, દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજને કારણે, બફારાનું પ્રમાણ પણ વધ્યું છે, રાજ્યના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં યલો એલર્ટ જારી કર્યું છે.

સાવચેતીના પગલા તરીકે, ૫૦ કિમીના આંતરિક વિસ્તારમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાઓથી પવન ફૂંકાઈ રહ્યા છે. જમીનની સપાટી પરથી આવતા આ પવનો સામાન્ય રીતે ગરમ



હોય છે, જેના કારણે રાજ્યમાં બફારાનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચી શકે છે તેવો અંદાજ છે. આગામી ૨૪ કલાક સુધી તાપમાન સમાન રહેશે. ત્યારબાદ, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા છે. તે જ સમયે, રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે અને મહત્તમ તાપમાન સામાન્ય નોંધાયું છે. આગામી એક અઠવાડિયા સુધી રાજ્યભરમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે અને તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે.

રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન સુરતમાં ૩૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના અન્ય ત્રણ મહાનગરોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું, જેમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી સેલ્સિયસ, વડોદરાનું ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટનું ૩૭ ડિગ્રી સેલ્સિયસ હતું.

## પુણે બળાત્કાર કેસમાં પરિવહન મંત્રીએ ૨૩ સુરક્ષા કર્મચારીઓને ફરજ પરથી હટાવ્યા

મુંબઈ

મહારાષ્ટ્રના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈએ સુરક્ષામાં બેદરકારીને ગંભીરતાથી લેતા કડક કાર્યવાહી કરી છે. ૨૩ સુરક્ષા કર્મચારીઓને ફરજ પરથી દૂર કરવામાં આવ્યા છે અને ગુરુવારથી નવા સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ સાથે પરિવહન વિભાગના કંટ્રોલર અને ડેપો મેનેજરની તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. મંત્રીએ સ્પષ્ટતા કરી છે કે એક અઠવાડિયામાં તપાસ રિપોર્ટ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

મંત્રીએ કહ્યું કે અમે પરિવહન વિભાગના અધિકારીઓ અને એસીએસ સાથે બેઠક બોલાવી છે. અમારો ઉદ્દેશ્ય જાહેર પરિવહનમાં મહિલાઓની સુરક્ષાને મજબૂત બનાવવાનો છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે નિયમો વધુ કડક બનાવવામાં આવશે. પરિવહન મંત્રીએ એમ પણ કહ્યું કે ઘણા વર્ષોથી બેકાર પડેલા સ્ક્રેપ વાહનોમાં આવી ગેરરીતિઓ થઈ રહી છે અને હવે તેને રોકવા માટે કડક પગલાં લેવામાં આવશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને પાલક મંત્રી અજિત પવારે પણ આ ઘટના પર સખત નારાજગી વ્યક્ત કરી છે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.મંત્રાલયમાં આ મુદ્દા પર એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે.

પુણેના સ્વારગેટ એસટી ડેપોમાં ૨૬ વર્ષની યુવતી પર બળાત્કારની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પીડિતા સવારે ફલટણ જવા માટે બસ ડેપો પર આવી હતી. દત્તાત્રેય રામદાસ ગાડે નામના આરોપીએ તેણીને ગેરમાર્ગે દોરી, ખોટી બસમાં બેસાડી અને તેના પર બળાત્કાર ગુજાર્યો. આ ઘટના સ્વારગેટ પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલા આ ડેપોમાં બની હતી. ઘટના પછી, જ્યારે પીડિતાએ તેના પરિવારને આ વિશે જણાવ્યું, ત્યારે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી. આ પછી મામલો વધુ વકર્યો અને હવે પરિવહન મંત્રીએ આ મોટી કાર્યવાહી કરી છે.



# લુણાવાડા સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને ચોકલેટ આપી શુભેચ્છાઓ આપતા જીલ્લા કલેકટર

**મહીસાગર જીલ્લામાં ધોરણ ૧૦ માં ૧૫,૧૮૧ પરિક્ષાર્થી, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૨૨ પરિક્ષાર્થી અને વિજ્ઞાન પ્રવાહમાં ૧૬૮૮ પરિક્ષાર્થી પરીક્ષા આપી.**



મહીસાગર,
રાજ્યભરમાં આજથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. ત્યારે મહીસાગર જીલ્લામાં કલેકટર નેહાકુમારી લુણાવાડાની સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ મુલાકાત લઈ પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જીલ્લા વહીવટી તંત્ર તરફથી સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થતાં વિદ્યાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર ખાતે કુમકુમ તિલક કરી તેમજ ચોકલેટથી મો મીઠું કરાવી ફૂલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જીલ્લા કલેકટરએ પરીક્ષાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યાં હતા.

મહીસાગર જીલ્લામાં એસ.એસ.સી.માં ૩૧ પરીક્ષા કેન્દ્રો પર ૬૫ પરીક્ષા બિલ્ડીંગમાં ૬૫૩ બ્લોકમાં અંદાજે ૧૫,૧૮૧ પરિક્ષાર્થીએ પરીક્ષા આપી. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૬ પરીક્ષા બિલ્ડીંગમાં ૩૦૭ બ્લોકમાં ૭૨૨ પરિક્ષાર્થી પરીક્ષા આપી અને વિજ્ઞાન પ્રવાહમાં ૦૮ પરીક્ષા બિલ્ડીંગમાં ૮૯ બ્લોકમાં ૧૬૮૮ પરિક્ષાર્થી પરીક્ષા આપી.

પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા જીલ્લા શિક્ષણાધિકારી નૈલેશ મુનિયા, શાળાના આચાર્ય પંકજ પટેલ સહિત શાળા પરિવાર જોડાયા હતા.

# છોટાઉદેપુર જિલ્લામાં બોર્ડની પરીક્ષા શરૂઃ ૨૧,૭૧૬ વિદ્યાર્થીઓ ૨૯ કેન્દ્રો પર આપી પરીક્ષા, સાંસદે પુષ્પ આપી કર્યું સ્વાગત



છોટાઉદેપુર,
છોટા ઉદેપુર જિલ્લામાં આજથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. જિલ્લાના ૨૯ કેન્દ્રો પર ૮૦ પરીક્ષા સ્થળોમાં ૭૬૫ બ્લોકમાં પરીક્ષા યોજાશે.ધોરણ-૧૦ના ૧૩,૫૨૭, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૬,૯૨૫ અને વિજ્ઞાન પ્રવાહના ૧,૨૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા સંચાલન માટે ૧૩૧ ઝોન પ્રતિનિધિ, ૮૦ સ્થળ સંચાલકો અને ૮૪૧ બ્લોક સુપરવાઈઝર નિયુક્ત કરવામાં આવ્યા છે.

વહીવટી કામગીરી માટે ૧૬૦ કર્મચારીઓ અને ૨૩૪ વર્ગ-૪ના કર્મચારીઓ સહિત કુલ ૧,૪૪૬ કર્મચારીઓ કામગીરી સંભાળશે.

સાંસદ જશુભાઈ રાઠવાએ પરીક્ષા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓનું પુષ્પ આપીને સ્વાગત કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક અને નિર્ભયતાથી પરીક્ષા આપવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુજરાત-રાજસ્થાન સરહદના આનંદપુરીના બોરવણી ગામે ધર્મ ધજાનું પ્રત્યાપર્ણ કરાયું




સંતરામપુર,
ભીલ પારગી સેવા સંસ્થા બોરવનીયા તારીખ ૧ લી અને ૨ માર્ચના રોજ સાંજે ઢાંગા હુરા ધામ એટલે કે, ગુજરાત અને રાજસ્થાનની સીમા સરહદ નજીક આનંદપુરી તાલુકાના બોરવણીયા ગામે ઢાંગા હુરાની પાવન ધરતી ઉપર સવાસો મીટરની ધર્મ ધજાનું પ્રત્યાર્પણ કરી કુળગુરૂની મહાઆરતી કર્યા પછી તાજેતરમાં સ્વ. થયેલા ગુજરાતનાં એડી.ડી.જી.વી એમ પારગીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવ્યા. વર્ષ દરમ્યાન થયેલ સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓની આછેરી ઝલક ડો દોલતરામ પારગી દ્વારા આપવામાં આવશે, અધ્યક્ષ કનૈયાલાલ પારગી દ્વારા આવકાર પ્રવચન કર્યા પછી ધાર થી મેવલગઢ અને મેવલગઢ થી બોરવનીયા પાલ સુધીનો ઈતિહાસ કવિરાજ રામસિંગભાઈ ઢોલીના મુખેથી વર્ણવવામાં આવશે. ભજન મંડળીઓની હરીફાઈ સચિવ લલિતભાઈ પારગીના નેજા હેઠળ થશે તમામને યોગ્ય ઇનામ આપી સન્માનિત કરવામાં આવશે. ગાયક કલાકાર તેરસિંગભાઈ પારગીના વરદ હસ્તે ઈનામ અપર્ણ કરવામાં આવશે, બાદ કોરોમંડલ સિમેન્ટ કંપની જેમની જમીનમાં આવેલી છે તે રામુભાઈ પારગી યોગ્ય ભાવપ્રતિભાવ રજુ કરી યથા યોગ્ય દાનદક્ષિણાની જાહેરાત કરશે સાથે કવિસંમેલન યોજાશે. જેમાં નામાંકિત આદિવાસી કવિઓ પોતાની કૃતિ રજુ કરશે, જેનું સંચાલન રમેશભાઈ પારગી તેમજ પ્રતાપગઢના શિક્ષક ગણેશભાઈ પારગી કરશે, બાદ ધુલેશ્વરભાઈ પારગીના નેજા હેઠળ જાદુગરીનો શો યોજવામાં આવશે, જેમાં જાદુગર માયકલ પોતાની કલાકારી રજુ કરશે. ફુટબોલ ટીમ પૈકી વિજેતા ટીમને પ્રોત્સાહક ઈનામ લક્ષ્મણભાઈ પારગીના વરદ હસ્તે અપર્ણ થયા બાદ રાજસ્થાનની તેમજ ગુજરાતી લોકગીતોની હરીફાઈઓ યોજાશે. જેમાં પંચ ત્યાં પરમેશ્વરની પ્રણાલી અનુસાર સમાજની પંચના વડીલો યોગ્ય ભાવપ્રતિભાવ રજુ કરશે. આમ, રાત્રીભર આનંદ પ્રમોદના સંશાધનો સાથે નાના મોટા યુવાન તેમજ વડીલ ભાઈ-બહેનો અનેરા ઉત્સાહ સાથે કાર્યક્રમની ઝાંખી નિહાળશે. વડીલો સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ માટે યોગ્ય માર્ગદર્શન આપશે, બાદ બીજી માર્ચના રોજ ગામખેડાની માતાએ તેમજ શીરા બાવશી સહીત કનાગરાં, લીલાગરા મહાદેવની વાજતે ગાજતે સામુહિક તોર પર રાડ લોકનૃત્ય લગાતાર બે કલાક સુધી ખેલવામાં આવશે. જેને માણવા માટે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડશે. જેનો રસાસ્વાદ મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના સેવાનિવૃત આઈપીએસ આર.જે.પારગી તથા અતિથી વિશેષ ફતેપુરાના મુકેશભાઈ ફતેસિંહ પારગી રહેશે, જ્યારે રાડ લોકનૃત્ય પુર્ણ થયા બાદ સીમલવાડાના ઈતિહાસકાર મુકેશભાઈ મોતીભાઈ પારગી ભીલી ભાષામાં પરીવારનો ખમીરવંતો ઈતિહાસ સભા આગળ રજુ કરશે. આ પ્રસંગે ગુજરાત, રાજસ્થાન અને મદયપ્રદેશના આદિવાસી સમાજ સેવકો યોગ્ય સમાજ સુધારાં પૈકી દહેજ પ્રથા નાબુદી સાથે સામાજીક પ્રસંગોમાં પૂર્વજોના પારંપારિક ભોજન ઉપર ખાસ પ્રભાવ પાડવામાં આવશે આ પ્રસંગે આનંદપુરી પોલીસ ચુસ્ત પોલીસ બંદોબસ દરેક ગતિવિધિઓ ઉપર રાખશે. સાથે સ્વયંસેવકો પોતાને સોપવામાં આવેલ જવાબદારી યોગ્ય રીતે નીભાવશે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે આગામી આજ સંસ્થા ઘુઘસ કનાગરા મહાદેવ ખાતે ધુળેટીની રાડ ખેલશે સાથે માસના અંતે આજ ટીમ બલાલીયા પાલ દરીયાવાદ ખાતે પારસમાતાના મંદિરે એક દિવસસીય મેળાના રૂપમાં કડાણા અને માંહી બંધના વિસ્થાપિતો સમક્ષ વાજતે ગાજતે મળી એકબીજાના સુખદુઃખના સમાચાર જાણી યોગ્ય મદદ માટે પ્રોત્સાહિત કરી આદિવાસી સમાજની પરંપરાને ઉજાગર કરશે. જે તે ગામનો ઈતિહાસ ગામની શાળામાં લખાય તે માટે ગુજરાતી સાહિત્ય કાર અર્જુનસિંહ પારગી સૌ નવોદિત લેખકો તેમજ કવિઓને વિનંતી કરશે.

# છોટાઉદેપુરમાં રંગલી ચોકડીથી પાવીજેતપુર વચ્ચે રસ્તામાં ઉંડા ખાડાથી અકસ્માતનો ભય

નસવાડી,
છોટાઉદેપુર જિલ્લાની રંગલી ચોકડીથી પાવીજેતપુર તરફ જતા રસ્તામાં એક ફુટના ખાડા પડી જતાં વાહનચાલકોને અકસ્માતનો ભય રહેલો છે.

છોટાઉદેપુર જિલ્લાના મોડાસર ચોકડીથી રંગલી ચોકડી અને પાવીજેતપુર વનકુટિર સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં હોય રસ્તામાં એક ફુટના ખાડા પડી ગયા છે. સ્ટેટ આર એન્ડ બી વિભાગ આ ખાડા નહિ પુરાવતા વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. ૫૦થી વધુ ગામોને જોડતો આ ૩૦ કિ.મી.નો રસ્તો બિસ્માર હાલતમાં થઈ ગયો છે. નેતાઓ વિકાસની વાતો કરે છે ત્યારે રસ્તાનુ રિપેરીંગ કરાવવા માટે તંત્રને રજુઆત કરી શકતા નથી. મોડાસર ચોકડી, રંગલી ચોકડી અને પાવીજેતપુર સુધીનો સ્ટેટ આર એન્ડ બી વિભાગની માલિકીનો રસ્તો હોવા છતાં અધિકારીઓ ખાડા પુરાવવાની તસ્દી લેતા નથી. એસ.ટી.બસો તેમજ અન્ય વાહનો આ ખાડાના કારણે આ રસ્તા ઉપરથી પસાર થવા માટે મુશ્કેલી અનુભવી રહ્યા છે.

# બરોડા ગુજરાત ગ્રામીણ બેંક અને આરોહ ફાઉન્ડેશન દ્વારા ખાનપુરમાં નાણાકિય સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



ખાનપુર,
આરોહ ફાઉન્ડેશન,આર.બી.આઈ. અને બેંક ઓફ બરોડા દ્વારા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ લોકો સક્રિય રીતે બચત કરતા થાય અને બેંકમાં ચાલતી યોજનાઓ વિશે માહીતિ મેળવે અને તેનો લાભ લે તે રહેલો છે. આજ અંતર્ગત ખાનપુર ગામમાં નાણાકિય સાક્ષરતા કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં આર.બી.આઇ. હાલમાં નાંણાકીય સાક્ષરતા અઠવાડિયું ઉજવે છે, એ થીમ અનુસાર મહિલા ઓને બચતનું મહત્વ અને મહિલાઓ માટે ચાલતી વિવધ યોજનાઓ જેવી કે, વ્હાલી દીકરી યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, સખી મંડળને આપવામાં આવતી લોન વિશેની માહિતી ખાનપુર તાલુકામાં એ.એફ.સી. તરીકે કામ કરતા હસમુખ બામણીયાએ જણાવેલ, બેંક મેનેજર દ્વારા લોકો બેંકમાં ચાલતા વીમા યોજનાઓનો લાભ લે અને તેના મહત્વ વિશે સમજણ આપવામાં આવેલ, જ્યારે લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર બારોટ દ્વારા લોકો સાઈબર ક્રાઈમનો ભોગના બને તે માટે તેમને અજાણ્યા કોઈ વ્યક્તિ જોડે OTP શેર ના કરવાની તેમજ કોઈ ભોગ બને તો તાત્કાલિક ૧૯૩૦ નબર પર જાણ કરવાની જણાવ્યું હતું.

# જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો



છોટાઉદેપુર,
જીલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષતામાં જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રજાજનોની વિવિધ ૧૩ જેટલી સમસ્યાઓની અરજીઓ મળી હતી. જે પૈકી ૧૨ અરજીઓનું જીલ્લા કલેકટર દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.

જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જીલ્લા કલેકટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમયમાં પ્રજાના પ્રશ્નોના નિકાલ કરવા સૂચના આપી હતી. જીલ્લા કલેકટરએ તમામ અરજદારોની સમસ્યાનો નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, અધિક નિવાસી કલેકટર શૈલેષ ગોકલાણી, નાયબ કલેકટર પ્રીતેશ પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# આજથી પ્રારંભ થતી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પરીક્ષા માટે દાહોદ જીલ્લા વહીવટી તંત્ર સુસજ્જ



**કોઈપણ પ્રકારના ડર વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા કલેક્ટર યોગેશ નિરગુડે. દાહોદ જીલ્લામાં કુલ ૩૬ કેન્દ્રો ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૫૧ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા.**

દાહોદ
ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડની આજરોજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે, દાહોદની સેન્ટ સ્ટીફન્સ સ્કૂલ ખાતે કલેક્ટર યોગેશ નિરગુડે, જીલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામાં સહિતનાં અધિકારીઓએ ચોકલેટ આપી સફળ પરીક્ષા અને ઉજ્જ્વળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે કલેક્ટર યોગેશ નિરગુડે એ કહ્યું હતું કે, દાહોદ જીલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૩૬ કેન્દ્રો ખાતે ૫૧ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓનીની પરીક્ષા લેવાશે. બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ભયમુક્ત થઈ પરીક્ષા આપે તેવી શુભકામના પાઠવું છું. ઉપરાંત વિદ્યાર્થીઓને કઈ અગવડતા ન રહે તે માટે જીલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. તેમજ પરીક્ષા દરમ્યાન સતત વીજપુરવઠો જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. દરેક સેન્ટર પર સીસીટીવી કેમેરા, પોલીસ ગાર્ડ, ઝોનલ કચેરી/સ્ટ્રોંગરૂમ ઉપર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા, પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થી અથવા પરીક્ષામાં રોકાયેલ અધિકારી/કર્મચારીને પરીક્ષાર્થીઓ માટે જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કીટ વ્યવસ્થા સહિતની આનુષાંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, દાહોદ જીલ્લામાં ધોરણ ૧૦ના કુલ ૩૫૦૧૦ વિદ્યાર્થીઓનીની પરીક્ષા કુલ ૩૬ કેન્દ્રોમાં લેવાશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૧૪૪૯૫ વિદ્યાર્થીઓનીની પરીક્ષા કુલ ૩૬ કેન્દ્રોમાં લેવાશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના કુલ ૧૬૬૨ વિદ્યાર્થીઓનીની પરીક્ષા કુલ ૩ કેન્દ્રોમાં લેવાશે. આમ, જીલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૫૧૧૬૭ વિદ્યાર્થીઓનીની પરીક્ષા કુલ ૩૯ કેન્દ્રોમાં ૧૨૨ બિલ્ડિંગસના ૧૭૭૭ બ્લોક અંતર્ગત લેવાશે.

# સરકારી ઈજનેરી કોલેજ દ્વારા ઈસરો/ડીએસઓ ઈન્ટર્નશિપ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા ઈસરો અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સમાં ઈન્ટર્નશિપ અને પ્રોજેક્ટ કરવા માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઈસરો ઈન્ટર્નશિપ અને પ્રોજેક્ટ કરવા માટે ફોર્મ કેવી રીતે ભરવું, ઈન્ટર્નશિપ માટે એજ્યુકેશન ક્વોલિફિકેશન, ઈન્ટર્નશિપ સમયગાળો અને જરૂરી માહિતી પ્રોફેસર ડો. ઈસ્હાક શેખ દ્વારા આપવામાં આવી હતી. ઈસરો જેવી સંસ્થામાં ઈન્ટર્નશિપ કરવામાં માટે એજ્યુકેશન ક્વોલિફિકેશન, અગાઉ કરેલ ઈન્ટરશીપ, પ્રોજેક્ટ, વર્ક એક્સપિરિઅન્સ, ટેક્નિકલ સ્કિલ જેવી બાબતો દયાનમાં લેવાતી હોવાથી એ માટે વિદ્યાર્થીઓ એ દિશામાં અથાગ પ્રયત્ન કરે અને ઈન્ટર્નશીપ અને પ્રોજેક્ટ ટ્રેનિંગ મેળવે એ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# જીલ્લા આરોગ્ય તંત્ર દાહોદની ૧૦૮ની ટીમ જરૂરિયાતમંદની વહારે કોઈપણ સમયે ખડેપગે



દાહોદ,
દાહોદ જીલ્લાનો આરોગ્ય વિભાગ રાત-દિવસ જોયા વગર ખડપગે નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને સતત તેની સારવાર અર્થે પ્રયત્નશીલ રહ્યો છે. હા, આપણે અહી વાત કરવા જઈ રહ્યા છીએ. દાહોદ જીલ્લાનાં માતવા ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતાં ઈએમઆરઆઈ GHS 108 ની મદદ લેવામાં આવી હતી. ૧૦૮ ની ટીમ તાત્કાલિક માતવા ગામે પહોંચી હતી. સગર્ભા મહિલાને તપાસતા સગર્ભાને પ્રસુતિનુ અસહ્ય દુઃખાવો હોવા છતાં ૧૦૮ની ટીમે સફળતા પુર્વક જોખમી જુડવા બાળકોની પ્રસૂતી કરાવી હતી. ત્યારબાદ માતા અને નવજાત બાળકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દાહોદ જીલ્લાના નાગરિકોનું આરોગ્ય વિભાગ દ્વારા સાચા અર્થમાં દરકાર કરવામાં આવે છે, તેનું ઉત્તમ ઉદાહરણ વિષે વિગતે જાણીએ તો માતવા ગામમાં રહેતી એક સગર્ભા મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા તેમને EMRI GHS 108ની મદદ લેવામાં આવી હતી. ઈએમટી દશરથસિંહ રાઠવા અને પાયલટ બકુલભાઈ પટેલ ચાંદાવાડા લોકેશન ૧૦૮ ની ટીમ તાત્કાલિક માતવા ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા મહિલા ને ખુબ જ પીડા હોવાથી એમ્બ્યુલન્સમાં પ્રસુતિ કરાવવાની જરૂર પડી હતી.

બાળકો જુડવા હોવાથી જેમાં એક બાળકમાં ગર્ભનાળ વીંટળાયેલો હતો, જેથી કરીને તે પ્રસુતા માતા અને બાળક માટે ખૂબ જ જોખમી હોવાથી સગર્ભા મહિલા દર્દીની ઈએમટી દશરથસિંહ દ્વારા ઈમરજન્સી ફીઝિશિયનની સલાહ મુજબ સફળતાપૂર્વક પ્રસૂતિ કરવામાં આવી હતી. માતા અને નવજાત બાળકોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને લીમખેડા સરકારી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. ૧૦૮ ટીમ દ્વારા સફળ પ્રસુતી કરાવીને ખરેખર પ્રશંસનિય કામગીરી કરવામાં આવી છે. આ તકે દર્દીના પરિવાર જનો એ ૧૦૮ ના સ્ટાફની કામગીરીને બિરદાવીને હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

## આપની આજ.......

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે. કામ-ધંધાનો લાભ મળશે તે આશાસ્પદ રહેશે, છતાં સંતોષ થશે નહીં.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. આવક વધારવા અને આવકના સ્ત્રોતને મજબૂત બનાવવાનું કામ કરશો.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે. તમારા પરિવારની સાથે સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સલામતી સાથે ગીચ સ્થળોએ જાઓ.

સિંહ: આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે. મિત્રો સાથે કપડાં અથવા અન્ય મહત્વની બાબતોમાં ખર્ચ થશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે. આર્થિક બાબતોમાં કાળજી લો અને કોઈને ઉધાર આપવાનું ટાળો. દૈનિક કાર્યોમાં થોડો વિલંબ થશે પરંતુ તે પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો, તેમ છતાં અન્ય લોકો કરતા વધુ ઝડપી રહેશો. વિદ્યાર્થીઓને અપ્રિય સમાચાર સાંભળવા મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે. આજે તમને ઓફિસની કામગીરી અને ધંધામાં સુધારો કરવાની ઘણી તક મળશે પરંતુ તે ગુમાવશો નહીં.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તમારો ભાર પણ ઓછો થશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ. કોઈ બાબતે બોસ સાથે મીટિંગ થઈ શકે છે

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે. તમારા બધા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો. બપોર પછી તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. ઘરના વાતાવરણમાં નાની-મોટી મુશ્કેલીઓ સિવાય બધું ઠીક રહેશે.

ગુજરાત સરકાર



# શ્રીમતી દ્રૌપદી મુર્મુ

## ભારતના માનનીય રાષ્ટ્રપતિનું

## ગુજરાતના ધોરડોમાં આયોજિત રણ ઉત્સવમાં ભાવભર્યું સ્વાગત છે.

કચ્છના અલૌકિક સફેદ રણમાં
ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો ઉત્સવ ઉજવાશે.

**28મી ફેબ્રુઆરી, 2025**

રણ ઉત્સવ, કચ્છની સંસ્કૃતિ અને કલાનું જીવંત સ્વરૂપ છે, જે સદીઓ જૂના વારસાને એક યાદગાર અનુભવમાં ભેળવી સમગ્ર વિશ્વને પોતાના તરફ આકર્ષિત કરે છે. માનનીય રાષ્ટ્રપતિની મુલાકાત કાલાતીત પરંપરા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક વૈભવની ઉજવણીમાં વધુ એક અવિસ્મરણીય પ્રકરણ ઉમેરે છે.






### સતત વિકસતો ઉત્સવ

વર્ષ 2005-06માં 2 દિવસીય કાર્યક્રમથી લઇને વર્ષ 2024-25માં 3 મહિના ચાલતા મહોત્સવમાં આ વર્ષે 10 લાખથી વધુ મુલાકાતીઓ આકર્ષિત થયાં.

### કારીગરોને સશક્ત બનાવવા

વૈશ્વિક બજારોમાં સીધી પહોંચ સાથે પરંપરાગત હસ્તકલા વધુ વિકસી રહી છે.

### સંસ્કૃતિ આધારિત અર્થતંત્ર

ભુંગાથી લઇને ઇકો-રિસોર્ટ્સ—જ્યાં વારસો અને આધુનિક માળખાગત સુવિધાઓનો સુમેળ થાય છે.

### વર્ષભર સમૃદ્ધિ

સમગ્ર વર્ષ દરમિયાન સ્થાનિક આજીવિકાને પ્રોત્સાહન મળતું રહે છે.

### વૈશ્વિક માન્યતા

ધોરડોને UNWTO દ્વારા શ્રેષ્ઠ પર્યટન ગામ તરીકેની માન્યતા આપવામાં આવી.

### સસ્ટેનેબલ પર્યટન

જવાબદાર આતિથ્યમાં નવા ધોરણો સ્થાપિત કરતું પર્યાવરણને અનુકૂળ ટેન્ટ સિટી.

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

UNWTO

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં એસ.એસ.સી. અને એચ.એસ.સી.બોર્ડ પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું ફુલ આપી સ્વાગત કરાયું



**ધો.૧૦ના ગુજરાતી પેપરમાં ૭૭૯ વિદ્યાર્થી ગેરહાજર. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨ વિદ્યાર્થી ગેરહાજર.**

ગોધરા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એસ.એસ.સી. અને એચ.એસ.સી.પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો. એસ.એસ.સી. પરીક્ષાના પ્રથમ દિવસે ગુજરાત વિષયની પરીક્ષા લેવાઇ હતી. પંચમહાલ જીલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા શરૂ થઈ હતી.

ગોધરા શહેર સેન્ટ આર્નોલ્ડ સ્કુલ ખાતે ધો.૧૦ની બોર્ડની પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓનું જીલ્લા કલેકટર આશીષ કુમાર એ વિદ્યાર્થીઓને ગુલાબનું ફુલ આપીને સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓને ભયમુકત વાતાવરણમાં પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

પંચમહાલ જીલ્લામાં ધો.૧૦ના ૨૬,૧૩૬ વિદ્યાર્થીઓ માટે ૩૪ પરીક્ષા કેન્દ્રો અને ૯૦૮ બ્લોકમાં પરીક્ષા યોજાઈ હતી. એસ.એસ.સી.બોર્ડ ની ગુજરાતીના પેપરમાં ૭૭૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

જીલ્લા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૧૧,૮૪૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસવાનો હોય આ પરીક્ષાર્થીઓ માટે ૧૯ કેન્દ્રો ઉપર ૩૮૩ બ્લોકમાં પરીક્ષા યોજાઈ હતી. સામાન્ય પ્રવાહના પ્રથમ પેપર અર્થશાસ્ત્રમાં ૨૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨,૦૬૫ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસવાના હોય આ પરીક્ષાઓ માટે બે કેન્દ્રો ઉપર ૯૭ બ્લોકમાં પરીક્ષા યોજાઈ હતી. પંચમહાલ જીલ્લામાં શરૂ થયેલ એસ.એસ.સી. અને એચ.એસ.સી.બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતા.



શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. જ્યારે મોડલ સ્કૂલ ખાતે સ્થળ સંચાલક ચેતન પટેલ સહિતનાઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને ગુલાબનું ફૂલ અને મોં મીઠું કરાવીને પ્રવેશ કરાવ્યો હતો. જીલ્લામાં આવેલા ૩૪ જેટલા પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવી કેમેરાની બાદ નજર હેઠળ તેમજ પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રથમ પેપર પૂર્ણ થયું હતું.

# ગોધરા ભુરાવાવ શકિતપાર્ક શકિતનાથ મહાદેવ મંદિર ખાતે શિવરાત્રીની ઉજવણી કરાઈ



ગોધરા, ગોધરા શહેર ભૂરાવાવ વિસ્તારમાં શકિતપાર્ક સોસાયટીમાં શકિતનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી ભક્તિ ભાવપૂર્ણ અનેરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતી. શાસ્ત્રી શિવમ જોશી દ્વારા મહાઆરતી પૂજા ઉપરાંત વિશેષ મંદિરમાં પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો હતો. સંધ્યા મહાઆરતી તેમજ મહાપ્રસાદીનો લાભ મોટી સંખ્યામાં આવેલ ભકતોએ લીધો હતો. આ વિસ્તારમાં સ્ફટિકનું શિવલિંગ એકમાત્ર હોવાથી તેનું અનેરૂં મહત્વ માનવામાં આવે છે, જે આવનાર દરેક દર્શનાર્થીઓ દર્શન કરી ધન્યતા અનુભવે છે. ઉપરાંત મહિલા મંડળ દ્વારા મહાદેવજીના મનમોહક ભજનો દ્વારા વાતાવરણ સંપૂર્ણ ભક્તિમય કરી દેવામાં આવ્યો હતું તસવીર- જીતેન્દ્ર બામણિયા.

# ગોધરા નાલંદા સ્કુલ ખાતે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્કાય ગેઝીંગ પ્રોગ્રામ યોજાયો

ગોધરા, લોક વિજ્ઞાન કેન્દ્ર, ગોધરા દ્વારા એક અનોખા સ્કાય ગેઝીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ નાલંદા સ્કુલ ભુરાવાવ યુનિટ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ૪૦૦ વિદ્યાર્થીઓ અને ૨૫ શિક્ષકોએ ભાગ લીધો હતો.લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા મુકવામાં આવેલા ૪ ટેલિકોમની મદદથી વિદ્યાર્થીઓએ અવકાશી વિંડોનું નિરીક્ષણ કર્યું હતું. કાર્યક્રમ સાંજે ૭ થી ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. વિદ્યાર્થીઓએ શુક્ર, મંગળ, શનિ અને ગુરૂ ગ્રહનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ ગુરૂ ગ્રહના ૪ ચંદ્રો પણ જોયા હતા. વિદ્યાર્થીઓએ પહેલીવાર આવો અવકાશી નજારો માણ્યો હતો. તેઓ ટેલિસ્કોપથી ગ્રહો જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

# NTA એ નીટ પરીક્ષા માટે ગોધરા અને થર્મલની જલારામ સ્કુલને બ્લેકલિસ્ટ કરી ગોધરાની નીટ કૌભાંડ પકડનાર કલેકટરને જ આયોજન સોંપાયુ : કલેકટર સહિત ૫ સભ્યોની કમિટી બનાવાઈ : કેન્દ્રિય વિદ્યાલયના આચાર્ય નોડલ ઓફિસર

ગોધરા ગોધરા ખાતે ગત વર્ષે યોજાયેલી નીટ પરીક્ષામાં ઝડપાયેલા કૌભાંડ બાદ એન.ટી.એ.એ ગોધરાની જય જલારામ સ્કુલના થર્મલ અને ગોધરા સેન્ટરને બ્લેક લિસ્ટ કરી દીધી હતી. અને નીટ પરીક્ષાથી જવાબદારી કૌભાંડ પકડનારા કલેક્ટરને જ સોંપવામાં આવી હતી. શિવરાત્રિએ કલેકટરના અધ્યક્ષસ્થાને નીટ પરીક્ષા અંગે મળેલી બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. અને પાંચ સભ્યોની કમિટી બનાવવામાં આવી હતી. જેમાં કેન્દ્રિય વિદ્યાલયના આચાર્યને નોડેલ ઓફિસર બનાવાયા હતા.ગોધરા ખાતે ગત વર્ષે યોજાયેલી નીટની પરીક્ષામાં ચોરી કરવાના ષડયંત્રનો જિલ્લા કલેક્ટરે ભાંડાફોડ કર્યો હતો. જેમાં ગોધરા અને થર્મલ ખાતેની જય જલારામ સ્કુલ ખાતે ચોરી કરાવવાના આયોજનમાં નીટ પરીક્ષા સિટી કો-ઓર્ડિનેટર, શાળા સંચાલક, વચેટીયો સહિત ૫ની સીબીઆઈએ ધરપકડ કરી હતી. નીટ પરીક્ષામાં ચોરીની ઘટનાને લઈને બદનામ આ વખતે ગોધરા સેન્ટર ખાતે પરીક્ષા યોજવા નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા પરીપત્ર કરીને જિલ્લા કલેકટર કક્ષાની અધ્યક્ષતામાં પરીક્ષા યોજવા જણાવ્યુ હતુ. જેથી જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસવડા, જિલ્લા શિક્ષણ અધિકારી, કેન્દ્રિય વિદ્યાલયના આચાર્ય, જવાહર નવોદય સ્કુલના આચાર્ય મળીને કુલ ૫ સભ્યોની કમિટી બનાવી છે. ગોધરા ખાતે આ વખતે ૩,૦૮૬ પરીક્ષાર્થીઓ નીટની પરીક્ષા આપવાના છે. ત્યારે ગત વર્ષની નીટની પરીક્ષામાં ગોધરા સેન્ટરમાં ચોરી કરવાના ષડયંત્રના લીધે ગોધરા બદનામ થયુ હતુ. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ તપાસ સીબીઆઈએ કરી હતી. ત્યારે આ વખતે નીટની પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરિતી થાય નહિ તે માટે દિલ્હી ખાતેની એનટીએ દ્વારા પરીપત્ર કરીને જિલ્લા કલેકટરને નીટની પરીક્ષા યોજવા જણાવ્યુ છે. જિલ્લા કલેકટર સહિત ૫ સભ્યોની કમિટી બનાવી છે. જેમાં કેન્દ્રિય વિદ્યાલયના આચાર્યને નોડલ બનાવ્યા છે. ૫ સભ્યોની ટીમ નીટની પરીક્ષા પર શાંતિપુર્ણ રીતે યોજાય તેવા આયોજન કરશે. જેમાં સિટી કોર્ડિનેટર સહિતની નિમણુંક કરશે. તેમજ ગોધરામાં ૩,૦૮૬ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપે તેવા સેન્ટર નકકી કરવા રજાના દિવસે મિટીંગ યોજી હતી.

# ૨૦૦૨ સાબરમતી હત્યાકાંડની ૨૩મી વર્ષીએ વી.એચ.પી. દ્વારા રેલી સ્વરૂપે ડબ્બા પર પહોંચી હુતાત્માઓને શ્રદ્ધાંજલી અર્પણ કરી

ગોધરા, ગોધરા ૨૭મી ફેબ્રુઆરી સાબરમતી એકસપ્રેસમાં થયેલ હત્યાકાંડની ૨૩મી વર્ષી નિમિતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગોધરા ચાચર ચોક સામેથી બાઈક રેલીનું આયોજન કરી સાબરમતી એકસપ્રસના ડબ્બા સુધી પહોંચી હુતાત્માઓને શ્રદધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

૨૦૦૦ ગોધરા સાબરમતી હત્યાકાંડની ૨૩મી વર્ષી નિમિતે ગોધરામાં વિશ્વ હિન્દુ પરિષદ (વી.એચ.પી.) દ્વારા હુતાત્માઓના યાદમાં શ્રદધાંજલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોધરા ચાંચર ચોક ખાતેથી વી.એચ.પી. દ્વારા બાઈક રેલી યોજી સાબરમતી હત્યાકાંડ વાળા ડબ્બા સુધી પહોંચ્યા હતા. સાબરમતી હત્યાકાંડનો ભોગ બનેલ ૫૮ કાર સેવકોને શ્રદધાંજલી અર્પણ કરાઈ હતી. સાબરમતી હત્યાકાંડ નિમિતે પ્રભાકુંજ સોસાયટી ખાતે પૂજય અશ્વિનકુમાર પાઠકના કંઠે સુંદર કાંડનું પઠન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો.



# ગોધરા બામરોલી રોડ સ્ટેટ હાઈવે ૧૫૫ દે.બારીયા-છોટાઉદેપુર, એમ.પી.ને જોડતો માર્ગ બિસ્માર થતાં ચાલકો પરેશાન



ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા થી નીકળતા સ્ટેટ હાઈવે ૧૫૫ ગોધરા બામરોલી બાયપાસ થી અછાલા છારીઆ મલાકુવા દામાવાવ દેવગઢબારીયા છોટાઉદેપુર એમપી જોડતો રસ્તો ખૂબ જ ખરાબ હોવાના કારણે હર રોજ નાના મોટા અકસ્માત થતા હોય છે, તેમજ બાઈક તેમજ અન્ય વાહન અકસ્માત થઈ રહ્યા છે, તો તાત્કાલિક ધોરણે રસ્તાનો સમારકામ કરવામાં આવે અને આવનારા સમયમાં હોળી ધૂળેટીનો તહેવાર પણ આવી રહ્યો છે. હાલમાં ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ ચાલી રહી છે, વિદ્યાર્થીઓ પણ આ રસ્તાનો ઉપયોગ કરી રહ્યા છે. જેમ કે રીંછવાણી સીમલીયા પરીક્ષા કેન્દ્ર હોવાથી બાળકોને પણ ખૂબ જ તકલીફ પડી રહે છે. ખરાબ રસ્તા હોવાના કારણે આજે તારીખ ૨૭ /૨ /૨૦૨૫ ના રોજ બે વિદ્યાર્થી બાઈક સવાર પર જઈ રહ્યા હતા, તો રસ્તાના ખાડા હોવાના કારણે આજે બે બાઈક સવારે વિદ્યાર્થીઓનો અકસ્માત થયું હતો અને ગોધરા બાયપાસ થી લઈ અને મલ્લાકુવા સુધીનો ૧૦ કિલોમીટરનો રસ્તો ખૂબ જ ખરાબ છે, ખૂબ જ મોટા ખાડા પડી જવાથી અને અન્ય મોટા એવી વાહનો પણ આ રસ્તા ઉપર થી પસાર થઈ રહ્યા છે, તો ૧૦ કિલોમીટરનો રસ્તો તાત્કાલિક ધોરણે બનાવવામાં આવે અથવા તો રીપેરીંગ કરવામાં આવે.

જેમાં ઈમેલ મારફતે પંચમહાલ કલેકટર સ્ટેટ હાઈવે વડોદરા તેમજ માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગર મુખ્ય સચિવને રજૂઆત કરવામાં આવી છે અન્ય લાગતા તમામ અધિકારીઓને ઈમેલ દ્વારા રજૂઆત કરવામાં આવેલી છે.:- સામાજીક કાર્યકર્તા, રંગીતભાઈ આર. રાઠવા, ગોધરા પંચમહાલ..

# અમદાવાદ- ઈન્દોર હાઈવે પર ટોલ ટેક્સ ભરવા છતાં વાહનચાલકોને સારા રોડની સુવિધા મળી નથી



**ગોધરાથી કઠલાલ તરફ પસાર થતાં ઈન્દોર હાઈવે પરના મસમોટા ખાડાં જીવલેણ બન્યાં ! ભારે વાહનો પણ પછડાય તો પલટી જાય તેવા ખાડાથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું.**

ગોધરા, ગોધરા થી બાલાસિનોર- કઠલાલ તરફ પસાર થતાં અમદાવાદ ઈન્દોર ધોરી માર્ગ પર મસમોટા ખાડાના કારણે વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયાં છે. આ ખાડા એટલા મોટા અને ઊંડા છે કે મોટું વાહન પણ જો પછડાય તો પલટી જાય તેવી સ્થિતિ હોય છે. આ ખાડાથી બચવા જતાં એકલ દોકલ વાહન ઘણી વખત અકસ્માતનો ભોગ બની જાય છે. જે કયારેક જીવલેણ પણ બને છે. આથી, આ રસ્તાની મરામત કરવા વાહન ચાલકોમાં ભારે માગ ઉઠી છે. અમદાવાદ ઈન્દોર ધોરી માર્ગ પર ટોલ ટેક્સ માત્ર ખિસ્સા ભરવા માટે જ ઉઘરાવતા હોવાનું રસ્તાની હાલત જોઈ લાગી રહ્યું છે. આ રસ્તાનું મરામત કરવામાં ન આવતા ઠેર ઠેર ધોવાણ થયું છે. કેટલીક જગ્યાએ મસમોટા ખાડા પડી ગયા છે. ચોમાસા દરમિયાન આ ખાડામાં પાણી ભરાયું હોય ત્યારે વાહન ચાલકને અંદાજ પણ નથી હોતો કે ખાડો કેટલો ઉંડો છે અને તેમાંથી પસાર થતા જ અકસ્માતનો ભોગ બને છે અથવા વાહનને ભારે નુકશાન થાય છે.

કઠલાલની લાડવેલ ચોકડીથી લઈને બાલાસિનોર - વાવડી ખુર્દ ટોલ સુધીના માર્ગ પર ખુબ મોટા ઊંડા ખાડા પડી જવાથી ફોર વ્હીલર વાહન ચાલક માટે ખુબ જોખમ કારક બની રહ્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધકારમાં અચાનક ખાડામાં ટાયર પડવાથી કારની એલાઈમેંટ ખોરવાઈ જાય છે. બીજા અનેક મોટા નુકશાન વાહનને થાય છે. આ મોટા ખાડાઓના લીધે વાહનો સાથે અકસ્માત સર્જાતાં રહે છે અને લોકો મોતને ભેટી રહ્યા છે. આ માર્ગ ઉપર કેટલાક બાઈક સવારો ખાડાઓમાં પટકાઈને મુત્યું પામ્યાના કિસ્સા છે. વાવડી ખુર્દ ટોલ પ્લાઝાના કર્મચારીઓ જ્યારે પેટ્રોલિંગ કરતાં હોય છે, તેમણે પણ આ મોટા ખાડાઓ દેખાતા નથી. તે આશ્ચર્યજનક બાબત છે. હાલ ટોલટેક્ષ ભરીને પણ રોડ ઉપર પડેલા ખાડાના કારણે અનેક પરેશાનીઓ અને યાતનાઓ ભોગવવી પડી રહી છે.

આ અંગે વાહન ચાલકોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, ટોલટેક્ષ ચૂકવવા છતાં રોડની સારી સુવિધા મળતી નથી. ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ રસ્તો વાપરવા પેટે વાહન ચાલક પૈસા ચૂકવતો હોય છે. તેમ છતાં તેને સારી સુવિધા રોડ સંચાલક કે નેશનલ હાઈવે ઓથોરિટી સુવિધા પુરી પાડતી નથી. આ માટે ટોલ કંપની વિભાગ સામે કાયદેસરના પગલાં ભરવા તેમજ સારી ગુણવત્તા વાળા રોડની યુદ્ધના ધોરણે સુવિધા આપવા બાબતે ગોધરાના અમદાવાદ તરફ નિયમિત મુસાફરી કરતા અને ટોલ ચૂકવતા વાહન ચાલકોએ ગુજરાત સરકારમાં અને જે તે વિભાગમાં ધારદાર રજૂવાત કરવા તજવીજ હાથ ધરી છે.

# કાલોલની ખ્યાતનામ કંપની સામે નાયબ કલેકટર કચેરીમાં જમીન પચાવી પાડવાનો આરોપ લગાવી રજૂઆત કરાઈ




કાલોલ, કાલોલ હાલોલ હાઈવે ઉપર આવેલી ઓટોમોબાઈલ ક્ષેત્રે ઊંચુ સ્થાન ધરાવતી સેટકો ઓટોમોટિવ કંપની સામે કાલોલ તાલુકાના કાતોલ ગામના વિજયભાઈ છગનભાઈ વણકર દ્વારા પોતાની માલિકીની સર્વે નંબર ૩૫ જુનો સર્વે નંબર ૧૧ પૈકી ૨ પૈકી ૧ વાળી ખાતા નંબર ૭૪૧ વાળી જમીન હે. આરે.૦-૧૩-૦૦ ની જમીન ઉપર ઘણા વર્ષોથી સેટકો ઓટોમોટિવ કંપની દ્વારા દબાણ કરી કબજો જમાવી લીધો છે. જે બાબતે કંપની તથા તેના સંબંધિત વ્યવસ્થાપકો હરીશભાઈ શેઠ, ઉદિતભાઈ શેઠને લેખીત નોટીસ વિજયભાઈ દ્વારા તેઓના એડવોકેટ પરવેઝ એમ શેખ મારફતે આપી કબજો સોંપી દેવા જણાવ્યું હતું. જે નોટિસનો કંપની દ્વારા કોઈ જવાબ આપ્યો નહોતો જે બાદ અરજદાર વિજયભાઈ વણકર દ્વારા તેઓના એડવોકેટ પરવેઝ એમ. શેખ મારફતે નાયબ કલેક્ટર પ્રાંત અધિકારીની કચેરીમાં જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ મુજબ અરજી દાખલ કરતા નાયબ કલેક્ટર કચેરી દ્વારા તા ૨૫/૦૩/૨૦૨૫ ના રોજ સુનાવણી રાખી કાલોલ મામલતદારને પુરતી તપાસ કરી મુદત અગાઉ અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો છે. આમ પ્રતિષ્ઠિત કંપની દ્વારા અરજદારની જમીન પચાવી પાડવા ની રજુઆત કરાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

# ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા હજ ૨૦૨૫ માટે એરપોર્ટ વ્યવસ્થાઓ અંગે બેઠક યોજાઈ



ગોધરા, ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું કે, ગતરોજ ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા હજ ૨૦૨૫ માટે જરૂરી આયોજન અને સુવિધાઓની સમીક્ષા કરવા માટે અમદાવાદ ખાતે આવેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં અધ્યક્ષ ઈકબાલ સૈયદ સાથે સભ્ય નાહીન કાજી, સભ્ય નાસીર બલોચ, સભ્ય આમદ જત, સચિવ ઇમ્તિયાઝ ઘાંચી અને સેકશન અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. સમિતિના પ્રતિનિધિઓએ એરપોર્ટના ઉચ્ચ અધિકારીઓ સાથે હજયાત્રીઓ માટે સુવિધાઓમાં વધારવા અંગે ચર્ચા કરી.

આ બેઠક દરમિયાન હજયાત્રીઓ માટે નવી ટ્રોલીઓ, વજુ ખાના (અબલ્યુશન એરિયા), ડોમ, વોશરૂમ અને અન્ય મહત્વપૂર્ણ સુવિધાઓની વ્યવસ્થાઓ સુધારવા માટે વિગતવાર ચર્ચા કરવામાં આવી. હજ સમિતિએ એરપોર્ટ સત્તાવાળાઓને આ સુવિધાઓ ઝડપી અને અસરકારક રીતે ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી પગલાં ભરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત રાજ્ય હજ સમિતિ હજયાત્રીઓ માટે શ્રેષ્ઠ સુવિધાઓ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે અને ભવિષ્યમાં પણ આવી બેઠક દ્વારા આયોજનની સમીક્ષા કરવામાં આવશે. તેવું ગુજરાત રાજ્ય હજ કમિટી ચેરમેન અને હજ સચિવ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ઘોઘંબા તાલુકાના જાગાના મુવાડા ગામે મકાનમાં કામ કરતાં ૨૬ વર્ષીય શ્રમિકને કરંટ લાગતા મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના જાગાના મુવાડા ગામે નવા બનતા મકાનમાં મજુરી માટે આવેલ ૨૬ વર્ષીય શ્રમિક યુવાનને નજીકથી પસાર થતા વીજ વાયરનો કરંટ લાગતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના જાગાના મુવાડા ગામે મહેશભાઈના નવા બનતા મકાનમાં શ્રમિક અર્જુનભાઈ છત્રાભાઈ બારીયા ઉ.વ.૨૬ મજુરી કામે આવ્યો હતો. મજુરી કામ કરતો હોય દરમ્યાન નવા બનતા મકાન પાસેથી પસાર થતા વીજ લાઈનના વાયર માંથી કરંટ લાગવામાં શ્રમિકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.160